

કેમ છો? મારૂ નામ મહેશ છે.
હું મહાનગરપાલિકા / નગરપાલિકા માટે એસ ટી પી / એફ એસ ટીપી (STP/FSTP) ઓપરેટર તરીકે કામ કરું છું.

હું જાણું છું કે તમારા માંથી પણ ઘણા બધા લોકો અમારી જેમ આ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન નાગરિકોને આ સેવાઓ પ્રદાન કરી રહ્યાં છે.

અને તેથી જ હું તમને નોવેલ કોરોના વાયરસથી બચવા માટે કેટલાક સલામતી અને સુરક્ષા માટેના સૂચનો કહેવા માંગું છું...

સ્પષ્ટતા: આ સૂચનાઓ તેમના નિયમિત કાર્યમાટે કોઈ SOP નથી પરંતુ સ્વચ્છતા કર્મચારીઓ દ્વારા લેવામાં આવતા વધારાના સલામતી પગલાઓને પ્રકાશિત કરવાના હેતુથી છે.

## કામ માટે ઘરેથી નીકળતા પહેલા તમારે આવશ્યક રીતે આટલું કરવું



આખી બાંયના તેમજ શરીર ઢંકાય તેવા સંપૂર્ણ લંબાઈના કપડાં પહેરો




વિરામ સમયે હાથ ધોવા માટે પાણી અને સાબુ આપની સાથે રાખો





જો સહકર્મી સાથે મુસાફરી કરતા હોયતો વાહન માં અંતર રાખીને બેસો



શરીર પર પડેલા ઘા ને પાણીરોધક બેન્ડ-એડથી ઘાને ઢાંકી દો.



એક જોડી વધારાના કપડાં સાથે રાખો



મહાનગરપાલિકા/ નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ ઈમર્જન્સી પાસ સાથે રાખો.

## જ્યારે તમે કાર્યસ્થળે પહોંચો ત્યારે તમારે આવશ્યક રીતે આટલું કરવું



૧. ઓછામાં ઓછા ૨૦ સેકંડ સુધી સાબુથી હાથ ધૂઓ.

૨. બિનજરૂરી વસ્તુઓને સ્પર્શ કરવાનું ટાળો






૩. હાથમોજા, માસ્ક/ કપડું, એપ્રોન અને બૂટ પહેરો.

૪. ચહેરો, નાક, મોં અને આંખોને સ્પર્શ કરવાનું ટાળો.






૫. કાર્યસ્થળે જવા માટે કોઇની સાથે મુસાફરી કરતી વખતે સલામત અંતર જાળવો.

## જ્યારે તમે તમારું કાર્ય પ્રારંભ કરો, ત્યારે આ પગલાંને અનુસરો...




સહ કર્મચારી સાથે સુરક્ષિત અંતર જાળવો, શક્ય હોય તો સાથે બેસો નહીં



વધુ ઉપયોગ થતી વસ્તુઓ ને- દર ૨ થી ૪ કલાકમાં એકવાર એમ (પાણીના નળ, દાદરા ના પગથિયાં, દાદરા ના કઠોડા, રેલિંગ ,દરવાજાના હેન્ડલ વગેરે) જંતુનાશક મુક્ત કરો



નમૂના એકત્રિત કરતી વખતે સાવચેતી પૂર્વક મળ ઉપાડો.



અસુરક્ષિત વસ્તુઓ ના સ્પર્શ બાદ આંખો, નાક, ચહેરા ને ધોવો




જીવાણુ નાશ કરવા માટે ઢોળાયેલા મળ પર ચૂનાના પાવડર નો છંટકાવ કરવો



બપોરના ભોજન પહેલાં અને પછી ઉપરાંત, મળ સાથેના સંભવિત સંસર્ગ સાથે કોઈપણ કાર્ય કર્યા પછી, આસપાસની સફાઈ કર્યા બાદ સાબુથી હાથ ધોવો.

## દિવસ ના અંતે,



સલામતીના સાધનો (સુરક્ષા કવચ) શરીર પરથી દૂર કરો



હાથ અને ચહેરો પાણીથી ધૂઓ



કપડાં બદલો અને પેપર બાગ માં મૂકો



ઘરે પાછા જતાં માસ્ક અને કપડાં ની બીજી જોડીપહેરો





કુટુંબમાં કોઈને પણ મળતા પહેલા કપડાં અને સલામતીના સાધનોને સાબુથી ધોઈ નાખો અને સ્વચ્છ જગ્યાએ સુકવો

જો તમને કફ / તાવ અથવા નાક વહેતું હોય તો તરતજ ડોક્ટર નો સંપર્ક કરો

**ચાલો આપણી સલામતી સુનિશ્ચિત કરીને વાયરસ સામે જીતીએ**

બિલ અને મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનની સહાય દ્વારા અર્બન મેનેજમેન્ટ સેન્ટર ની પ્રસ્તુતિ| manvita@umcasia.org